**Directorate of Technical Education, Gujarat State**
**નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય**

| | |
|---|---|
| બ્લોક નં. ૨, છઠ્ઠોમાળ, કર્મયોગી ભવન, સેકટર–૧૦/એ ગાંધીનગર–૩૮૨ ૦૧૦. | Block No. 2, 6th Flor Karm yogi Bhavan, Sectoe-10/A, Gandhinagar – 382 010. |
| ☎: (079) 232 53546, FAX : (079) 232 53539 URL : http://dte.gswan.gov.in | Email:dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in |


ક્રમાંક: ડીટીઈ/એકેડેમીક/શિષ્યવૃત્તિ/વિકજા/૨૦૧૭–૧૮/ક (૪)/ ૨૨૭૬૫ તા. 26 OCT 2017

## પરિપત્ર:–

વિષય:– શિષ્યવૃત્તિ દરખાસ્ત ડીજીટલ ગુજરાત પ્રોટોલ પર ઓનલાઈન કરવા બાબત.

સંદર્ભ:– જિલ્લા નાયબ નિયામક, વિકસતિ જાતિની કચેરી, ભાવનગરનો તા.૩/૧૦/૧૭નો પરિપત્ર

પ્રસ્તુત બાબતે જણાવવાનું કે, શિષ્યવૃત્તિ દરખાસ્ત ડીજીટલ ગુજરાત પ્રોટોલ પર ઓનલાઈન કરવા બાબતે જિલ્લા નાયબ નિયામક, વિકસતિ જાતિની કચેરી જી–૬, એનેક્ષ બિલ્ડીંગી, બહુમાળી ભવન, ભાવનગરના તા.૩/૧૦/૧૭ના પરિપત્ર દ્વારા ધોરણ–૧૧–૧૨, ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પી. એચ. ડી., મેડીકલ, એન્જીનીયરીંગના વ્યવસાહિક અભ્યાસક્રમો જેવા તમામ અભ્યાસકમો કે જે ધોરણ–૧૦ પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, જે અન્વયે હાલ વર્ષ–૨૦૧૭–૧૮માં જે તે અભ્યાસક્રમો માં અભ્યાસ કરતા વિધાર્થીઓને લગતી શિષ્યવૃત્તિની યોજનાના અરજી ફોર્મ http://www.digital gujarat. gov.in પર તા. ૧૫/૧૧/૧૭ સુધીમાં ઓન લાઈન અરજી કરવા જણાવેલ છે. નકલ સામેલ છે.

શિષ્યવૃત્તિ યોજનાઓમાં ટેકનીકલ શિક્ષણને લગતી સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાભ મળવાપાત્ર હોય અને પાત્રતા ધરાવતા વિધાર્થીઓ સમય સર અરજી કરે અને યોજનાનો લાભ મેળવે તે માટે અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ સરકારી તેમજ અનુદાનીત સંસ્થાઓ અને સ્વનિર્ભર સંસ્થાઓને તાત્કાલિક કાર્યવાહી કરવા આજ્ઞાનુંસાર જણાવવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે નિયામકશ્રી, વિકસતીજાતિ, કલ્યાણ, બ્લોક નં.૪ ૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો સંપર્ક કરવો.

નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામક

બિડાણ: ઉપર મુજબ

પ્રતિ,
સરકારી તેમજ અનુદાનીત ઈજનેરી/ફાર્મસી કોલજો/પોલીટેકનીકો/ટેકનીકલ હાઈસ્કુલોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ. (ઈમેઈલ દ્વારા)

નકલ રવાના:–
નિયામકશ્રી, વિકસતીજાતિ, કલ્યાણ, બ્લોક નં.૪ ૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

E:\Pandya-data\K4_2017-2018\SCHOLARSHIP-17\SCHOLARSHIP-17.docx

